# અંતે જુનિયર કલાર્કની પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન

**સરકારે અને ઉમેદવારોએ રાહતનો દમ લીધો : જુનિયર કલાર્કનું પેપર કેટલાંક ઉમેદવારોને સરળ તો મોટા ભાગનાને લાંબુ લાગ્યું : પરીક્ષા છુટવાના સમયે પરીક્ષા કેન્દ્રો આસપાસ ટ્રાફિક જામના દ્રષ્યો સર્જાયા**







ગાંધીનગર, તા.૦૯

અંતે બહુચર્ચિત ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જુનિયર કલાર્કની પરીક્ષા આજે રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ હતી અને કોઈપણ ગેરરીતિ કે પેપર ફુટવાના સમાચાર વગર આ સ્પર્ધાત્મક પરીક્ષા પૂર્ણ થતાં બોર્ડ સહિત સમગ્ર સરકારી તંત્રએ રાહતનો દમ લીધો હતો. જોકે જિલ્લાઓમાં આશરે ૨૯૦૦થી વધારે પરીક્ષા કેન્દ્રો પર જુનિયર કલાર્કની આશરે ૧૧૦૦ જેટલી જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઇ હતી જેમાં આશરે ૭.૨૫ લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષા માટે સમગ્ર સરકારી તંત્રએ ખૂબ જ ચાંપતો બંદોબસ્ત અને સઘન વ્યવસ્થા ગોઠવી હતી. બીજી તરફ બોર્ડના ચેરમેન હસમુખ પટેલે "હવે અમે ૨૦ દિવસ પછી તલાટીની પરીક્ષાઓ યોજાવાની છે તેના માટે પરીક્ષા કેન્દ્રો શોધીએ છીએ" તેવું જણાવ્યું હતું.

આજે બપોરે સાડા બાર કલાકે શરૂ થયેલી પરીક્ષા દોઢ વાગ્યા સુધી ચાલી હતી જેમાં ઉમેદવારોને પોણા બાર કલાકે હાજર થવાનું હતું.

પરંતુ ઉમેદવારોનો ધસારો પરીક્ષા કેન્દ્રો આસપાસ સવારના સાડા દસ વાગ્યાથી જ શરૂ થઈ ગયો હતો. જુનિયર કલાર્કની અગાઉ રદ કરાયેલી પરીક્ષા આજે લેવાઇ હતી જેમાં મોટા ભાગના ઉમેદવારોને પરીક્ષાનું પેપર લાંબું લાગતાં તેને પૂર્ણ કરવા માટે સમય ટૂંકો પડ્યો હતો. જોકે અનેક ઉમેદવારોએ પેપર સરળ હોવાનું સ્વિકાર્યુ હતું. ગાંધીનગર અને અમદાવાદ સહિત તમામ કેન્દ્રો પર પરીક્ષા દરમિયાન ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું.

એક અંદાજ મુજબ આશરે ૭૫ હજાર જેટલાં કર્મચારીઓ આ પરીક્ષાની કામગીરીમાં જોડાયાં હતા જેના પગલે આ પરીક્ષા શાંતિપૂર્વક સંપન્ન થવા પામી હતી. ગાંધીનગરમાં પણ જુનિયર કલાર્કની પરીક્ષા યોજાઇ હતી જેના પગલે પરીક્ષા કેન્દ્રો પર સઘન પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો. પોલીસે બોડી વોર્મ કેમેરાની મદદથી એકએક ઉમેદવારની પુરતી તપાસ કરીને પછી જ પ્રવેશ આપ્યો હતો. પરીક્ષા કેન્દ્રોમાં ખંડની અંદર અને બહાર લોબી સહિત સંકુલમાં સીસીટીવી કેમેરાની ચાંપતી નજર રહી હતી. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મેળા જેવા માહોલ સાથે ખાણીપીણીની રેંકડીઓ તેમજ ચા-કોફીની કિટલીઓ વાળા વેપારીઓને તડાકો પડી જવા પામ્યો હતો. જુનિયર ક્લાર્કની પરીક્ષાના પગલે પરીક્ષા છુટવાના સમયે પરીક્ષા કેન્દ્રોની આસપાસના મુખ્ય માર્ગો અને ચાર રસ્તા પર નાનામોટા ટ્રાફિક જામના દ્રષ્યો પણ સર્જાયાં હતાં.

## સારી વ્યવસ્થા બદલ સરકારનો આભાર માનતા ઉમેદવારો

આજે જુનિયર ક્લાર્કની પરીક્ષામાં કોઈ ગેરરીતિ કે પેપર ફુટવા જેવી ઘટના ના સર્જાતાં તેમજ તે માટે તંત્ર દ્વારા પરીક્ષા કેન્દ્રો ગોઠવવામાં આવેલી સઘન વ્યવસ્થા, સુવિધાઓ તેમજ ચાંપતા બંદોબસ્તની ઉમેદવારોએ પ્રસંશા કરી હતી અને કેટલાંક ઉમેદવારોએ તો આ માટે સરકારનો આભાર પણ વ્યકત કર્યો હતો. પરીક્ષા કેન્દ્રો પર પૂરતી તૈયારી સાથે પરીક્ષાર્થીઓને પ્રવેશ અપાયો હતો જેમાં પરીક્ષાર્થીઓને માત્ર આઈકાર્ડ, આધારકાર્ડ, પેન અને કોલલેટર સાથે પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો જ્યારે પાકીટ, પાણીની બોટલ, ડિજિટલ વોચ અન્ય કોઈ પણ વસ્તુ સાથે લઈ જવા પર પ્રતિબંધ મુકાયો હતો. દરેક પરીક્ષાર્થીઓનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. તેમજ પરીક્ષાર્થીઓનાં બૂટ-ચપ્પલ અને મોજાં પણ બહાર કઢાવ્યાં હતાં. પરીક્ષા પ્રવેશ માટે મહિલા અને પુરુષ ઉમેદવારની અલગ અલગ લાઈન રાખવામાં આવી હતી.

આજની જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પેપર મોટા ભાગના ઉમેદવારોને લાંબુ લાગ્યું હતું જેના કારણે અનેક ઉમેદવારોને પેપર પૂર્ણ કરવામાં સમય ખૂટ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાં ૩૨

## જિલ્લામાં આજે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૩ ટકા જ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા

**પ્રશ્નપત્ર લાંબુ જરૂર લાગ્યુ પણ પરીક્ષાર્થીઓના મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યા : પંચાયત પસંદગી મંડળના અધ્યક્ષ હસમુખ પટેલે શહેરના કેન્દ્રો પર રાઉન્ડ લીધો હતો**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલ જુનિ. ક્લાર્ક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

જિલ્લામાં ૧૨૧ કેન્દ્રો પર યોજાયેલ આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે નોંધાયેલ ૩૭,૪૦૦ પરીક્ષાર્થી પૈકી ૧૬,૨૪૬ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અર્થાત્ ૪૩ ટકા જ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી છે.

જિલ્લાના પરીક્ષા કેન્દ્રોમાં આજે પરીક્ષાર્થીઓ માટે ફુલપ્રુફ વ્યવસ્થા તંત્રએ ગોઠવી હતી. પરીક્ષાર્થીઓનુ બોડીવોર્ન કેમેરાથી સ્ક્રીનીંગ કરાયા પછી પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આજે આ પરીક્ષાને લઈ અધિકારીઓ જે રીતે ગ્રાઉન્ડ પર ઉતરી આવ્યા હતા તેથી પરીક્ષાર્થીઓનો આત્મવિશ્વાસ વધેલો જોવા મળ્યો હતો. આજની આ પરીક્ષાની વ્યવસ્થા જોવા માટે પંચાયત સેવા પસંદગી મંડળના અધ્યક્ષ હસમુખભાઈ પટેલ પણ શહેરના એલ.ડી.આર.પી. કોલેજ, વસંતકુંવરબા હાઈસ્કૂલ સે. ૨૮ અને સે. ૧૬ મહાત્મા ગાંધી વિદ્યાલયના કેન્દ્રોની મુલાકાતે પહોંચી ગયા હતા.

આજની આ પરીક્ષા પહેલાં ઓ.એમ.આર. શીટ પર પરીક્ષાર્થીઓની થમ્બ ઈમ્પ્રેશન લેવામાં આવી હતી તેમજ પરીક્ષા પૂર્ણ થયા પછી પેપર સીલીંગ થયા બાદ પરીક્ષાર્થીઓને બહાર જવા દેવાયા હતા. આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓના બુટ-ચંપલ પણ પરીક્ષાખંડની બહાર ઉતરાવી દેવાયા હતા.

પરીક્ષા આપી પરત ફરી રહેલા પરીક્ષાર્થીઓના મુખ પર મિશ્ર પ્રતિભાવ જોવા મળતા હતા. કેટલાક વિદ્યાર્થીઓ એવી વાત કરતા દેખાયા હતા કે ૬૦ મિનિટમાં ૧૦૦ સવાલોના જવાબ લખવાના હોવાથી પેપર થોડુક લાંબુ જરૂર જણાયુ હતુ.

આજના પ્રશ્નપત્રમાં સામાન્યજ્ઞાન, અંગ્રેજી, ગણિત વિષયો તેમજ બંધારણ અને પંચાયતી રાજના પ્રશ્નો પણ પુછવામાં આવ્યા હતા.

કેટલાક પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રના ઉત્તરો છુટી ગયાનું કહેતા જણાયા હતા. વિધાનોને લઈ તેમજ ગણિતના પ્રશ્નોને સમજી અને જવાબ લખવામાં સમય વધુ જતો રહ્યો હોવાથી ઘણા બધા પ્રશ્નો છુટી ગયાનું કહેતા સંભળાયા હતા.

ગાંધીનગરમાં આજે પરીક્ષાર્થીઓ બહારના જિલ્લામાંથી આવ્યા હતા. ગાંધીનગરમાં આજે જિલ્લા પંચાયત કચેરીએથી રૂટો પરીક્ષા માટે રવાના થયા ત્યારે કલેક્ટર હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરીક્ષા પૂર્ણ થયા પછી પણ રૂટ પરત આવ્યા ત્યારે પણ અધિકારીઓએ હાજરી આપી હતી.

આજની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. આ પરીક્ષામાં ૬ જુદી જુદી સિરીઝમાં પરીક્ષાના પ્રશ્નપત્રો અપાયા હોવાથી ગેરરીતિ કે કોપી કેસની ઘટનાઓ પણ નોંધાઈ નથી.

જિલ્લામાં આજે યોજાયેલ પરીક્ષામાં ૧૫૦૦થી વધુ કર્મચારીઓને જુદી જુદી કામગીરી સોંપવામાં આવી હતી. કેન્દ્ર સંચાલક, ફ્લાઈંગ સ્કવોર્ડ, બોર્ડના પ્રતિનિધિઓએ પણ પરીક્ષાના સંચાલન સહિતની કામગીરી પર બાજ નજર રાખી હતી.

## ગ્રામીણ વિસ્તારમાં જવા માટે પરીક્ષાર્થીઓને થોડીક તકલીફો પડી

ગાંધીનગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પરીક્ષા કેન્દ્રો પર પહોંચવામાં પરીક્ષાર્થીઓને તકલીફોનો સામનો કરવો પડ્યો હતો.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના કેન્દ્રોમાં એસ.ટી.ની સુવિધા ઓછી હોવાથી પરીક્ષાર્થીઓને મુશ્કેલી પડી હતી. આજે યોજાયેલ પરીક્ષામાં જિલ્લામાં ઉપસ્થિત પરીક્ષાર્થીઓ કરતાં ગેરહાજર પરીક્ષાર્થી વધુ જણાયા હતા.

## શહેરમાં ગરમીનો પારો ગરમ : મહત્તમ તાપમાન ૩૮.૨ ડીગ્રી

**બે દિવસ અગાઉ સર્જાયેલા વાતાવરણ પલ્ટા બાદ ગરમી વધી : દિવસનો તાપ આકરો બન્યો : આગામી દિવસોમાં ગરમી ૪૦ ડીગ્રીની પાર જશે**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટાના અંતે છેલ્લા બે દિવસથી ગરમીનુ જોર વધી રહ્યુ છે. ઉનાળો આકરો બનતો જાય છે. આજે મહત્તમ તાપમાન ૩૮.૨ ડીગ્રીએ પહોંચ્યુ હતુ જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ આકરી ગરમી અનુભવી હતી બપોરના આકરા તાપથી બચવા નગરજનો ઘરમાં જ રહ્યા હતા આમ પણ રજાનો દિવસ હોવાથી ગરમીની અસર વચ્ચે શહેરમાં દિવસ દરમિયાન વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી જયારે ગરમીના લીધે સેકટરોની શેરીઓમાં પણ સન્નાટો જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં હજુ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર પહોંચી જશે.

ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટાના અંતે હવે ધીમે ધીમે ગરમીનો પારો તપી રહ્યો છે. બે દિવસ અગાઉ વાદળિયા વાતવરણ સર્જાયુ હતુ જયારે વરસાદી વાયરા વચ્ચે આખો દિવસ આકાશમાં કાળા ડીબાંગ વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો જયારે વાતાવરણ પલ્ટાની અસરથી ગરમીનો પારો પણ ગગડયો હતો. જો કે હજુ એપ્રિલ મહીનાના મધ્યાંતરે પણ ગરમીનો પારો ૪૦ ડીગ્રીની પાર પહોંચ્યો નથી. ત્યારે છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન ધીમે ધીમે ઉંચકાઈ રહ્યુ છે. ગઈકાલે ગરમીનો મિજાજ થોડો ઉગ્ર બન્યો હતો. અલબત્ત મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે આજે ગરમીનો મિજાજ થોડો વધુ ઉગ્ર બન્યો હતો. ગરમીનુ જોર ૧.૨ ડીગ્રી વધ્યુ હતુ. મહત્તમ તાપમાન ૩૮.૨ ડીગ્રીએ આવી જતા દિવસ દરમિયાન નગરજનોએ આકરો તાપ અનુભવ્યો હતો. જયારે રજાના દિવસે ગરમીનો પારો તપતા બપોરના સમયે નગરના જનજીવનમાં પણ સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. સેકટરોની શેરીઓમાં પણ બપોરથી સાંજ સુધી દિવસ દરમિયાન સુનકાર રહ્યો હતો. સેકટરોના શોપિંગ બજારમાં પણ ખાલીપો જોવા મળ્યો હતો. જયારે રાત્રિના સમયે રોનક નિખરી હતી. ગત ફેબ્રુઆરી મહીનાના અંતમાં જ ગરમીનો પારો ઉંચકાયો હતો. વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઇ હતી જયારે ફેબ્રુઆરના અંતિમ દિવસોમાં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રી નજીક પહોંચી ગયો હતો. ત્યારબાદ સતત વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે કમોસમી વરસાદી ઝાપટાથી ઉનાળો અદ્રશ્ય થઈ ગયો હતો. જેના લીધે છેલ્લા ઘણાં સમયથી આકાર ઉનાળે પણ અષાઢી દ્રશ્યો જોવા મળે છે. વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ગરમીની સિઝનમાં પણ ઠંડીનો અહેસાસ કરતા શહેરીજનો

● અનુસંધાન પાન-૭ પર

## શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૭ કેસ

**શહેરમાં કોરોનાના પાંચ અને ગ્રામ્યમાં બે કેસ નોંધાયા : શહેરના સરગાસણમાંથી ૩, વાવોલ અને સે. ૨૦માંથી ૧-૧ કેસ મળ્યા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માણસા શહેર અને ગાંધીનગરના ગિયોડમાંથી કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ પાંચ કેસ તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા બે કેસ મળી આવ્યો છે. જિલ્લામાં જે રીતે કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે તેથી તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર જે રીતે જોવા મળી રહ્યો છે તેણે તંત્રની ચિંતા વધારી છે. જિલ્લામાં ૨૧૦થી વધુ કેસો અત્યાર સુધીમાં નોંધાઈ ચુક્યા છે. જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧ ટકાની આસપાસ છેલ્લા સપ્તાહથી જોવા મળી રહ્યો છે તેથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાંથી વધતા જતા કેસોને પગલે તંત્રની દોડધામ વધી જવા પામી છે.

શહેર-જિલ્લામાં આ વખતે કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે તેથી હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો નોંધાયો હોવાથી તંત્રને રાહત છે જ્યારે રિકવરી રેટ પણ સારો હોવાથી તંત્રને વધુ રાહત છે. જિલ્લામાં હાલ ૬૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે તે તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા બે કેસ નોંધાયા છે. માણસા અને ગાંધીનગરમાંથી આ કેસ મળી આવ્યા છે. આજે બન્ને દર્દી પુરૂષ છે. એક દર્દીની આયુ ૨૦ વર્ષથી ઓછી છે.

માણસા શહેરમાંથી ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા શહેરમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે.

ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામેથી ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકાની પૂર્વ પટ્ટી આ વખતે વધુ સંવેદનશીલ કોરોના માટે બની હોવાથી તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના પ્રતિકાર માટે તંત્રની તૈયારીને લઈ ૧૦૦થી વધુ સ્થાનો પર મોકડ્રીલ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના પડકારને પહોંચી વળવા માટે ૧૦૦થી વધુ કેન્દ્રો ખાતે મોકડ્રીલ યોજવામાં આવશે.

સર્વગ્રાહી સમીક્ષા આ મોકડ્રીલ દરમ્યાન કરવામાં આવશે. આ મોકડ્રીલ દરમ્યાન ઓક્સિજન પ્લાન્ટ, બેડની સુવિધા, ટ્રેઈન્ડ સ્ટાફની ઉપલબ્ધિ, તબીબોની ઉપસ્થિતિ તેમજ દવાના જથ્થા સહિતની બાબતો અંગે સમીક્ષા કરવામાં આવશે.

મળતા નિર્દેશો મુજબ ઓનલાઈન મોકડ્રીલ થકી આ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવનાર છે. જો કે યોજાનાર આ મોકડ્રીલ માટે તંત્રએ તમામ તૈયારીઓ પુરી કરી લીધી છે.

કોરોનાના પ્રતિકાર માટે આ બીજીવાર મોકડ્રીલ યોજાઈ રહી છે. રાજ્યમાં નવા સરકારની રચના પછી તુરત જ આવી મોકડ્રીલ યોજવામાં આવી હતી. રાજ્યમાં કેસોની સંખ્યા વધતાં પુનઃ આ મોકડ્રીલ યોજવામાં આવી રહી છે.

શહેરી વિસ્તારોમાં આવેલી હોસ્પિટલોમાં બેડની સુવિધા, ઓક્સિજન પ્લાન્ટ સહિતની સુવિધાઓ, એમ્બ્યુલન્સની સુવિધા વિગેરે બાબતોને લઈ સમીક્ષા કરવામાં આવશે. શહેરમાં ખાનગી તેમજ સરકારી હોસ્પિટલો થઈ ૬૦ થી વધુ સ્થાનોની આ સમીક્ષા યોજાશે.

ગ્રામ્ય વિસ્તારમાં સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રા.આ. કેન્દ્રોમાં એમ્બ્યુલન્સની સુવિધા, ઓક્સિજનની બોટલો તેમજ તાત્કાલિક સારવાર માટે બેડની ઉપલબ્ધિ સહિતની સમીક્ષા કરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના નવા ૨૦૦થી વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૦ જેટલા અને શહેરમાં ૧૦૦થી વધુ કેસ નોંધાયા છે. જો કે આ વખતે જિલ્લામાં હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો જણાયો છે. કોરોનાના દર્દીઓમાં લક્ષણો પણ હળવા જણાયા છે તેમજ રિકવરી રેટ સારો નોંધાયો છે.

## સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનથી ખોદાયેલા માર્ગો પર ડામર કામ કરીને ગાબડા પુરવા માંગ

**માટી પુરાણથી ગાબડા ઢાંકવામાં આવતા ઠેર ઠેર ખાડા ટેકરાની સ્થિતિ : સે- ૩ સી માં પણ રીંગ રોડ પર માર્ગ સલામતી જોખમાઇ : ખાડા અસ્તિત્વમાં આવતા રોજબરોજ માર્ગ સલામતી જોખમાતા સ્થાનિકોમાં આક્રોશ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરના સેકટરોમાં સતત ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે ખોદકામ પ્રવૃતિના લીધે માર્ગોની દશા બેઠી છે. ખુંદાયેલા માર્ગો પર ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા જયાં ત્યાં માટી પુરાણ કરીને કામ સમેટી લેવાતા અનેક ઠેકાણે ખાડા ટેકરાની સ્થિતિ જોવા મળી રહી છે. નવા સેકટરોમાં પણ કોર્પોરેશ દ્વારા અગાઉ સ્ટોર્મ વોટર લાઈનના ટુકડા જોડવા માટે બુલડોઝરથી માર્ગો ખુંદી નાંખવામાં આવ્યા હતા જેના અંતે ગાબડા પુરવા માત્ર માટી નાંખી દેવાતા હવે વરસાદી સંજોગોમાં અંતે ઠેર ઠેર ખાડ અસ્તિત્વમાં આવ્યા છે. સે-૩ સી ના રીંગ રોડ પર પણ આ સ્થિતિના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે સ્થાનિકોએ આવા ઠેકાણે ડામર કામ કરવા માટે પ્રબળ માંગ કરી છે.

ગાંધીનગરમાં પાણી ગટર લાઈનની કામગીરીને અનુલક્ષી હાલ સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે ખોદકામના લીધે સેકટરોમાં રોજબરોજ નાની મોટી સમસ્યાઓ સર્જાય છે. શહેરના સેકટરોમાં સતત ખોદકામના લીધે આંતરિક માર્ગોનુ રોડ નેટવર્ક ઉબડ ખાબડ બન્યુ છે. જયારે થોડા સમય અગાઉ કોર્પોરેશન દ્વારા પણ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના જોડાણ આપવા માટે બાકી રહેતા વિસ્તારમાં રસ્તાઓ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યુ હતુ જેના લીધે માર્ગો ખુંદાયેલી હાલતમાં જોવા મળ્યા હતા જો કે હજુ પણ રસ્તાઓની હાલત અત્યંત ખરાબ છે. હાલ પાણી ગટર લાઈનનુ ખોદકામ ચાલી રહ્યુ હોવાથી સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ શરૂ નહી કરવાનો નિર્ણય લેવાયો છે. જેના લીધે સેકટરવાસીઓએ હજુ માર્ગોના મામલે થોડા સમય સુધી હાલાકી વેઠવી પડશે સેકટરોના આંતરિક રોડ નેટવર્કના પેવર કામને આમ પણ નિયત સમય પુરો થઈ ગયો છે. છેલ્લા પાંચ વર્ષથી માર્ગ સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યા નથી. જેના લીધે આમ પણ માર્ગોની હાલત ખરાબ છે જયારે સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના જોડાણ માટે માર્ગો બુલડોઝરથી

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

TV રીપેરીંગ
ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com